No Pages to Display

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# નાની વાતો

: લેખક :

## ગિજુભાઈ

શારદા મંદિર
અમદાવાદ ૭
૧૬૪

: પ્રકાશક :

**આર. આર. શેઠની કંપની**

મુંબઈ-૨ ○ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણ સાતમું :
ફેબ્રુઆરી ૧૯૬૬

મૂલ્ય પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦]

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા

પુસ્તક ૩૦ મું

## અનુક્રમ

બીકણ સસલી . . . ૩
કીડી ને કબૂતર . . ૧૧
લખલખિયો કાચબો . ૧૩
કાગડો ને કબૂતર . . ૧૭
બગલો ને બિલાડી . ૨૨
કાગડો ને શિયાળ . ૨૮
બિલ્લીબાઈનો રોટલો ૩૦

# નાની વાતો

## બીકણ સસલી

એક હતી સસલી.
બહુ બીકણ તે બહુ બીકણ!
મે' ગાજે ને બીએ.
વીજ ચમકે ને બીએ.
ઝાડ ડોલે ને બીએ.
વા વાય ને બીએ.
પાંખ હલે ને બીએ.
ચાંચ હલે ને બીએ.
પંડ હલે ને બીએ.
પૂંછ હલે ને બીએ.
આમ જોઈને બીએ.

તેમ જોઈને બીએ.
ઊંચે જોઈને બીએ.
નીચે જોઈને બીએ.
બહુ બીકણુ તે બહુ બીકણુ !

વા વાયો ને પાન ઊડયાં;
સસલીબાઈ ધ્રૂજી ઊઠયાં.
એક પાન પીઠે પડ્યું;
સસલીબાઈ નાસી છૂટયાં.

“ભાગો રે ભાઈ, ભાગો !
દટણુ આવ્યું, પટણુ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો !”

પગ લઈને નાઠાં જાય,
કાન લઈને ભાગ્યાં જાય,
પૂંછડી લઈને નાસી જાય,
જાત લઈને ચાલ્યાં જાય !

કૂતરો પૂછે :—

"કાં સસલીબાઈ! ક્યાં ચાલ્યાં ?"

"ભાગો રે ભાઈ, ભાગો !
દટણુ આવ્યું, પટણુ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી :
ભાગો રે ભાઈ, ભાગો !"

કુત્તો ભાગ્યો સસલી સાથ;
કુત્તી એની છે સંગાથ.

શિયાળ પૂછે :—

"કાં સસલીબાઈ! ક્યાં ચાલ્યાં ?"

"ભાગો રે ભાઈ, ભાગો !
દટણુ આવ્યું, પટણુ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો !"

શિયાળ ભાગ્યો સસલી સાથ;
શિયાળવ્ય એની છે સંગાથ.
આઘે આઘે દોડ્યાં જાય,

રસ્તે ગધ્ધા ભેટો થાય.

ગધ્ધો પૂછે :—

"કાં સસલીબાઈ! ક્યાં ચાલ્યાં?

"ભાગો રે ભાઈ, ભાગો!
દટણુ આવ્યું, પટણુ આવ્યું:
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!"

ગધ્ધો ભાગ્યો સસલી સાથ;
ગધ્ધી એની છે સંગાથ.
આગળ જતાં ઘોડો મળ્યો.

ઘોડો પૂછે :—

"કાં સસલીબાઈ! ક્યાં ચાલ્યાં?"

"ભાગો રે ભાઈ, ભાગો!
દટણુ આવ્યું, પટણુ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!"

ઘોડો ભાગ્યો સસલી સાથ;
ઘોડી તેની છે સંગાથ.

ભાગ્યાં ભાગ્યાં ચાલ્યાં જાય.
સસલી, કુત્તો, ઘોડો, શિયાળ.

આઘે આઘે ઊંટ હતું;
લાંબી ડોકે ચરતું હતું.
આવો જોઈ રૂપાળો સંઘ.
પૂછ્યું ઊંટે આણી રંગ:

"ક્યાં ભાગ્યાં, એ સસલીબાઈ?
ક્યાં ભાગ્યા છો કુત્તાભાઈ?

ઘોડાભાઈ ને ગધ્ધાભાઈ!
મારી આંખે આ નવાઈ?"

સસલી બોલી :—

"ભાગો રે ભાઈ, ભાગો!
દટણ આવ્યું, પટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું;
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!"

લાંબી ડોકે મોટે ડગલે,
ઊંટ ભાગ્યો સસલી પગલે.
વન ને વગડો વટી ગયાં,
ડુંગરનદીને તરી ગયાં;

ભાગતાં ભાગતાં બપોર થયા.
રસ્તે સામે હાથી મળ્યો;
સૂંઢ ફેરવતો ઊભો રહ્યો.

" ક્યાં ભાગ્યા છો સસલીબાઈ?
ક્યાં ચાલ્યાં છો સૌ ગભરાઈ?

બીકે હૈયું થડકે કેમ?
હાથે પગે પાણી કેમ?"

સસલી વળતી વાણી વદી,
હાથી ભાઈની હિંમત હરી.

" ભાગો રે ભાઈ, ભાગો!
દટણુ આવ્યું, પટણુ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું.
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!"

હાથી ભાગ્યો, હાથણી ભાગી;
સસલીબાઈની ટોળી ઝાઝી.

ત્રાડ દેતો સામો મળ્યો;
આંખ કાઢી આડો ફર્યો.

"ક્યાં ભાગ્યાં છો સસલીબાઈ!
શી માંડી છે આ ભવાઈ?
કુત્તા, ગધ્ધા, ઘોડાભાઈ,
હાથી, ઊંટ ને શિયાળભાઈ!
ક્યાં ભાગ્યાં છો ત્રાહિ ત્રાહિ?"

સસલી બોલી :—

"ભાગો રે ભાઈ, ભાગો!
દટણુ આવ્યું, પટણુ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો!"

સિંહ ત્રાડ મારી ઊભો.
સસલી સામે રોષ કીધો:
"ક્યાં છે તારું દટણુ પટણુ?

ક્યાં છે તારું આભ પડ્યું?
ક્યાં તારી કેડ ભાંગી?
ભાગો નહિ, ભાઈ! ભાગો નહિ!"

ચાલ્યાં પાછાં સિંહ સાથે,
સસલી, ગધ્ધો, ઘોડો આઠે.
પાછા ફરતાં ધ્રૂજે પગ;
સિંહ પાછળ ભરે ડગ.
આવી સસલી વાડા પાસ;
ત્યાં પડ્યું છે થોડું ઘાસ.
ઘાસ પાસે પીંપળપાન,
સસલી બોલી: "એ છે આભ!"
ત્રાડ નાખી સિંહે કહ્યું:—
"આવાને શું કહેવું રહ્યું?
સસલી તારી બીકણ જાત,
સૌની તેં છે લીધી લાજ!"
સસલી શરમે નીચું જુએ;
ઘોડો-હાથી લાજી મરે.

# કીડી ને કબૂતર

એક હતી નદી.
નદીકાંઠે આંબો હતો.
આંબાડાળે માળો હતો;
આંબાથડે દર હતું.
માળામાં એક કબૂતર રહે;
દરમાં એક કીડી રહે.

ખૂબખૂબ વરસાદ આવ્યો.
નદીનાળે પૂર આવ્યાં;
આંબાથડમાં પાણી આવ્યાં;
કીડી બાઈના દરમાં ગયાં.

કીડીબાઈ તો તણાયાં.
ઘણાં ઘણાં આવલાં માર્યાં;
ખૂબખૂબ મહેનત કરી;
કીડીબાઈનું કાંઈ ન ચાલ્યું.

આંબા ડાળે કબૂતર હતું;
એહું બધું જોતું હતું.
એના મનને દયા આવી:
"અરે બિચારી કીડીબાઈ!
તણાઈ જઈ ને મરી જશે,
બાળબચ્ચાં રઝળી પડશે.
ચાલ ને જઈને બચાવું!"
પીંપળાનું પાન તોડ્યું;
ચાંચે ભરાવી ઊંચે ઊડ્યું;
નીચે આવી જળમાં ધર્યું;
કીડીબાઈની પાસે લીધું;
કીડીબાઈ તે પાને ચડ્યાં;
કબૂતરભાઈ તે લઈ ને ઊડ્યાં.
આંબે આવી કોરાં કર્યાં;
પાણી ઊતર્યાં દૂરે ગયાં.
કીડી–કબૂતર ભાઈબંધ થયાં;
ખાઈ પીને રાજ કર્યાં.

# લબલબિયો કાચબો

એક હતું તળાવ.
તળાવમાં એક કાચબો રહે.
કાચબો લબલબિયો.
દી આખો બોલ્યા જ કરે.
એકલો એકલો યે બોલે;
વા સાથે વાતો કરે.
માનસ સરોવરના બે હંસ હતા
ફરતા ફરતા તળાવે આવ્યા;
તળાવ ગમ્યું ને ત્યાં રહ્યા.
કાચબા સાથે દોસ્તી થઈ.
કાચબો વાતો કહ્યા કરે;
હંસો વાતો સાંભળ્યા કરે.

હંસે એનું નામ પાડ્યું :
" લબલબિયો કાચબો. "
ઘણા દિવસો વીતી ગયા;
હંસો માન સરોવર ચાલ્યા.
કાચબો કહે : " મારે આવવું છે.
મારે સરોવર જોવું છે;
મારે હિમાલય જોવો છે. "
હંસો કહે : " પણ આવે શી રીતે ?
અમે તો ઊડીએ છીએ.
તારાથી કેમ ઊડાય ? "
કાચબો કહે : " લઈ જાઓ ને લઈ જાઓ;
હરકોઈ ઉપાયે લઈ જાઓ. "
હંસોને એક જુક્તિ સૂઝી.
હંસો કહે : " આ એક લાકડી છે.
બે છેડે અમે પકડીએ;
તું એને વચ્ચે પકડ.
પછી અમે ઊંચે ઊડીશું;
તું યે પણ ઊંચે આવશે. "

કાચબો કહે: “આ વાત મજાની.
હાશ! હવે માનસ સર જોવાશે.”
હંસો કહે: “એક શરત કબૂલ છે?”
કાચબો કહે: “એક નહિ બે.”
હંસો કહે: “જો, તું બોલતો ના.
તું રહ્યો વાતોડિયો.
બોલવા જઈશ તો મોં ઊઘડશે;
લાકડી મોંમાંથી છૂટી જશે,
ને તારા રામ હેઠા જશે.”
કાચબો કહે: “ઉંકારો કરું તો કે?”
હંસો લાકડી લઈ આવ્યા;
ચાંચો વડે છેડા પકડ્યા:
કાચબાભાઈએ વચ્ચે પકડ્યું.
હંસો કહે: “હવે ઊડીએ છીએ.”
પાંખ ફફડાવી હંસો ઊડ્યા.
કાચબાભાઈ પણ સાથે ઊપડ્યા.
ઊંચે ઊંચે ઊંચે ચડ્યા.

મોટાં મોટાં જંગલો ને મોટાં મોટાં સરોવરો;
મોટાં મોટાં ડુંગરા ને મોટી મોટી નદીઓ.

તળાવવાસી કાચબાભાઈ;
બાપગોતર ક્યાંથી ભાળેલાં ?
કાચબાભાઈ તો હરખાયા;
કાચબાભાઈ તો મલકાયા;
હરખ ઝાલ્યો રહ્યો નહિ.
હરખઘેલા બોલી ગયા :
અધધધધ ! અહોહોહોહો ! ”
મોઢું ફાટ્યું ને લાકડી ગઈ :
અરે બિચારા કાચબાભાઈ !
ભફાંગ કરતા નીચે ગયા;
ભુકકેભુકકા થઈ ગયા !

## કાગડો ને કબૂતર

એક હતો કાગડો;
એક હતું કબૂતર.
કાગડો લુચ્ચો, ને કબૂતર ભોળું;
કાગડો પાખંડી, ને કબૂતર ભગત;
કાગડો માંસ ખાય ને કબૂતર જાર ખાય.
રાજાનો એક મહેલ હતો.
મહેલમાં એક રસોડું હતું.
રસોડામાં એક સૂંડલો હતો.
એમાં કબૂતરે માળો બાંધ્યો.
કબૂતર તો ખાય પીએ ને મજા કરે.
પણ કાગડો એની અદેખાઈ કરે:
"મને તો ગરવા યે ને દે;

મને તો કોઈ કાંઈ ચણવા યે ન દે;
ચાલ ને કબૂતરની દોસ્તી કરું ?
ચાલ ને કબૂતરની સાથે રહું ?"
"કબૂતર કબૂતર !- ચણવા આવું ?"
"આવ ને ભાઈ ના કોની છે ?"
કબૂતર-કાગડો ચણવા જાય.
કબૂતર જારબાજરી ચણે :
કબૂતર ચોખામગ ચણે.
કાગડો એનો વાદ કરે;
કબૂતર પેઠે કાગડો ચણે.
કબૂતર-કાગડાની જોડી થાય.
કાગ કહે : "કબૂતર, કબૂતર !"
કબૂતર કહે : "શું છે ભાઈ?"
"તારા જેવો માળો નથી;
તારા જેવો મહેલ નથી.
તારા જેવો માળો ગમે;
તારા જેવો મહેલ ગમે."

"આવ ને ભાઈ મારે ઘેર.
સાથે રહીને ખાજે પીજે;
ખાઈ પીને મજા કરજે."
કબૂતર–કાગ સાથે રહ્યા;
એક માળામાં ભેળા થયા.
કબૂતર રોજ વહેલું ઊઠે;
ઊઠી કરી ચણવા જાય.
કાગડાને પણ ઊઠવું પડે;
સાથે સાથે જવું પડે.
રાજાને ત્યાં કુંવર આવ્યો;
આખા રાજ્યમાં ઉત્સવ થયો.
રાજરસોડે ખાણું થયું;
મીઠું મીઠું પાણી થયું.
કાગડાભાઈને વાસ આવી;
પાણી આવ્યા ને દાઢ ડળકી.
ભલે કબૂતર ચણવા જાય;
ભલે કબૂતર એકલું જાય.
આપણે ભલા માળે રહીશું;

છાનામાના ખાવું ખાઈશું.
"કાં કાગડાભાઈ! આવો છો કે?"
"ના રે ભાઈ! પેટ દુઃખે છે."
"ચાલો ને ભાઈ! મટી જશે."
"ના રે ભાઈ! પેટ દુઃખે છે."
કાગડાભાઈએ ઢોંગ કર્યો,
કબૂતરભાઈએ રસ્તો લીધો.
અહા! મજાની કેવી કરી,
લાડુ, ભજિયાં, શેરા, પૂરી!
રસોયાભાઈ અહીં નથી;
ચાલો જઈ ને ખાઈએ હસી.
કાગાભાઈ તો ખાવા ગયા;
ચાંચે ચાંચે લેવા ગયા.
ઘણણણ કરતું છીબું પડ્યું,
આખું રસોડું ગાજી રહ્યું.
દોડ્યા દોડ્યા આવી રહ્યા,
રસોડા કેરા ઉપરી ત્યાં.
પકડી કાગને પાંખે કરી,

ફંગોળ્યો ઉકરડા પરી
ફાટી ચાંચ ને પહોળા પગ,
કાગાભાઈ છે મોટે ઢગ!
સાંજે કબૂતર પાછું ફર્યું.
કાગાભાઈને જોતાં રડ્યું:
"અરે બિચારા કાગાભાઈ!
લોભી બિચારા કાગાભાઈ!"

# બગલો ને બિલાડી

એક હતી બિલાડી; એક હતું બગલું.
બિલ્લીબાઈ ઘરમાં રહે;
બગલાભાઈ નદીએ રહે.
બિલ્લીબાઈને બગલું મળ્યું;
બગલાભાઈને બિલ્લી મળી.
"કાં બિલ્લીબહેન! ક્યાં ચાલ્યાં?"
"દોસ્તી કરવા, મજા કરવા.
તમે બગલાભાઈ ક્યાં ચાલ્યા?"
"દોસ્તી કરવા, મજા કરવા."
બિલ્લીબાઈને બગલાભાઈ જડ્યાં;
બગલાભાઈને બિલ્લી જડ્યાં;
બંને દોસ્તો થઈને રહ્યાં.
બિલ્લીબાઈ બગલાઘેર જાય,
બગલું રોજ બિલ્લીઘેર આવે.
હેત કરે, પ્રીત કરે; વાતો કરે, વિગત કરે;
સાંજ પડ્યે પાછાં જાય.

બિલ્લીબાઈને મન થયું :
"ચાલ ને ભાઈને જમાડું ?"
બગલાને તો જમવા કહ્યું;
કાલે વહેલા આવવા કહ્યું.
બિલ્લીબાઈએ વિચાર્યું :
"લાડુ કરું, પૂરી કરું,
શેરો કરું, ભજિયાં કરું ?
ના, એમને નહિ ભાવે;
એ બગલાને નહિ ભાવે.
લાવ ને દૂધની ખીર કરું;
ધરાઈ ધરાઈને પેટ ભરું !"
બપોર થયા ને બગલું આવ્યું,
ભૂખ્યું તરસ્યું જમવા બેઠું.
ટાઢે પેટે ખીર પીરસી,
બે થાળીમાં ઠારી કરી;
બગલો બિલ્લી સામેસામે
ખાવા બેઠાં ખાંતે કરી
ચપચપ કરતી ચાટ્યે જાય,

માંજરી આંખો મીચ્યે જાય.
બગલું બેઠું જોઈ રહ્યું;
બિલ્લી ઉપર મોહી રહ્યું.
જીભે ચાટી ખીર ખવાય;
લાંબી ચાંચે કેમ ચટાય?
બિલ્લીબાઈ તો ખાતાં જાય
ખીરની વાતો કરતાં જાય
"કેવી મીઠી, કેવી મજાની,
આજે મેં છે ખીર કરી?
બગલાભાઈ! ખાઓ ને?
ખીર મારી ચાટો ને?
બેઠા બેઠા શું જુઓ?
આવું અમને ના ગમે."
બગલો બેઠો મૂંઝાયો.
બોલ્યા વિના ઊભો થયો;
હાથ ધોઈને ઘેર આવ્યો;
ભૂખ્યોતરસ્યો સૂઈ રહ્યો.
સવાર પડતાં બિલ્લી મળી,

બગલે એને વાત કરી.
"કાલે ભોજન મારે ઘેર,
આપણ જમશું સાથોસાથ."

બિલ્લીબાઈએ ક્યાં જવાય?
નોતરું પાછું કેમ ઠેલાય?
બગલાભાઈ કહે: "શું કરું?
ખીર કરું, દૂધ કરું, દૂધપાક કરું?
ના; બિલ્લીને એ ના ભાવે.
પેટ એનું ના ભરાય."
બગલો જઈને કેરી લાવ્યો;
ઘણો બધો રસ કાઢ્યો.
એ કૂજામાં પૂરો ભર્યો;
બિલ્લી જેવો નકતો કર્યો.
લટકે મટકે બિલ્લીબાઈ,
બગલાને ઘેર આવ્યાં ધાઈ.
"આવો બહેન! બેસોજી;
હાથ પગ ધોશોજી!"

---

નકતો=બુટ્ટો; તર્ક

બગલો બિલ્લી સામેસામે,
જમવા બેઠાં તેવે ટાણે.
બગલો ચાંચ બોળે છે;
રસ ભરીને ખાય છે.
બિલ્લી સામે જુએ છે;
મોઢાને વકાસે છે.
" કાં બિલ્લીબાઈ! બેઠાં કેમ ?
રસની લિજ્જત કેવી કેમ ?
કેરી આજે સારી મળી;
તમને કેવી લાગે ગળી ? "
બિલ્લીબાઈ તો ભોંઠાં પડ્યાં;
કર્યું તેવું પામ્યાં ખરાં.
શરમાઈ શરમાઈ નીચું જુએ;
બગલો મીઠી વાતો કરે.
બન્ને મનમાં સમજી ગયાં; બન્ને મનમાં લાજી રહ્યાં.
ફરીથી એવું ના કર્યું; ખાધું પીધું રાજ કર્યું.

લિજ્જત=સ્વાદ

# કાગડો અને શિયાળ

એક હતો છોકરો.
એના હાથમાં પૂરી હતી.
કૌ કૌ' કરતો કાગડો આવ્યો;
ઝડપી પૂરી ઊડી ગયો.
ઊડી જઈને ડાળે ગયો;
પૂરી ખાવા તૈયાર થયો.
ત્યાંથી નીકળ્યું એક શિયાળ,
ભૂખે પેટે ભૂખ્યા હાલ.
મનમાં કહે છે: "પૂરી મળે,
કટકો ખાઉં તો પેટ ઠરે.
કાગાભાઈ તો લુચ્ચા ખરે!
એને પૂરી કેમ મળે?"

શિયાળભાઈ પણ માથાના,
કાગાભાઈના કાકાના !
શિયાળ કહે છે: " કાગાભાઈ!
શું વખાણું, છો પિત્રાઈ!
લાંબી ચાંચે, કાળે વાને,
નમણા કાગા બન્ને કાને;
કાગાભાઈ તો કાગાભાઈ!
ભલું થયું કે એ પિત્રાઈ."

કાગાભાઈ ફૂલાતા જાય;
આમતેમ માથું હલતું જાય.
મનમાં મનમાં મલક્યા ઘણું,
શિયાળ જાણે હેતભર્યું.

શિયાળ બોલ્યું : "કાગાભાઈ!
કરશો આજે એક નવાઈ!
ગાશો આજે એક જ ગાન ?
કહે છે સુંદર સૌથી તાન ?
કંઠે ફૂણા કાગારાજ !
સંભળાવો ને એક જ રાગ ?"

કાગાભાઈ તો ડોલી ગયા;
ગાવું ગાવું મનમાં થાય.
'કાકા, કાકા' ફૂણે રાગ,
ગાવા માંડ્યો પંચમ રાગ.
પૂરી જઈ ત્યાં હેઠી પડી,
શિયાળભાઈને મોંએ ચડી.
"રાખો રાખો, કાગાભાઈ!
આપણી પૂરી થઈ સગાઈ."

# બિલ્લીબાઈનો રોટલો

એક બિલ્લી ધોળી હતી;
બીજી બિલ્લી કાળી હતી.
કાળી–ધોળી ફરતી હતી;
ઉંદર ખુંદર ખોળતી હતી.
ખોળતાં ખોળતાં રોટલો જડ્યો.
ચૂલા પાસે આખો પડ્યો.
બન્ને દોડી લીધો ઝટ,
ભાગ પાડતાં પેઠી હઠ.
એક કહે : "હું ઝાઝો લઉં."
બીજી કહે : "હું શાનો દઉં?"
એક કહે : "મેં દીઠો હતો."
બીજી કહે : "મેં લીધો હતો."

રકઝક રકઝક વધી પડી,
ઘુરકાઘુરકી ચાલી રહી.
બાઝી બાઝી અરધી થાત,
ત્યાં તો સૂઝી નવી વાત :
"પૂછીએ કોઈને ન્યાયની વાત;
કાં તો સરખાં કરી દે ભાગ.
ત્યાંથી નીકળ્યો વાનર એક,
બિલ્લી પાસે પહોંચી છેક.
"વાનર, વાનર! ન્યાય કરો;
ઝાઝો થોડો કોને ધરો?
અથવા પાડો સરખા ભાગ;
કજિયામાં પછી મૂકો આગ."
વાનર કહે છે :—
"બંનેના બે સરખા ભાગ,
એ જ તમારો સાચો ન્યાય.
લાવો રોટલો કટકા કરું.
બે પલ્લામાં બન્ને ધરું."

પલ્લું=છાબડું

લીધું તરાજુ તોળ્યા સાટે.
વધે એક ને બીજો ઘટે.
બન્ને સરખા કરવા માટે,
બટકું કાપી મોંમાં દાટે.
બન્ને બિલ્લી સામું જુએ;
વાનર ખાતો જોઈને રુએ.
વાનર પાછું પલ્લું ધરે;
બીજું બટકું મોઢે ભરે.
આખો રોટલો અડધો થયો;
ખાતાં ખાતાં બટકું રહ્યો.
બિલ્લી કહે: "ભાઈ! પાછું દે."
વાનર કહે: "બાઈ! છેટી રહે.
બટકું રોટલો શાનો દઉં ?
તે હું મહેનત સાટે લઉં!"